Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# સૌરાષ્ટ્રમાં આર્યસમાજની સમાજ સુધારણા પ્રવૃતિઓ

ડો.જસ્મીના એચ. સારડા
આસિસ્ટન્ટ પ્રોફેસર- ઈતિહાસ,
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ
જામ ખંભાળિયા

## પ્રારંભ:-

આપણા દેશનો ઈતિહાસ સદીઓ પુરાણો છે. આ સદીઓનો ઈતિહાસ તપાસતા જણાય છે કે વિશ્વના પ્રાચિનતમ ધર્મોનો ઉદભવ પણ આપણા દેશમાં જ થયેલો છે. આ ઉપરાંત પ્રાચીન ભારતીય સભ્યતા એ સમગ્ર વિશ્વને અનેક વૈજ્ઞાનિક સિધ્ધાંતોની ભેટ પણ આપેલ છે.

સામાજિક રીતે મુલવણી  કરીએ તો આપણી વેદકાલીન વ્યવસ્થામાં સ્ત્રીઓને પણ વિદ્યા પ્રાપ્ત કરવાનો અધિકાર પ્રદાન કરવામાં આવેલ હતો. તેમજ સમાજમાં સ્ત્રીઓને માનવંતુ સ્થાન આપવામાં આવેલ હતું. લોપા, મુદ્રા, ગાર્ગી વગેરે સ્ત્રીઓને તેના ઉદાહરણ સ્વરૂપ ગણાવી શકાય.

કાળક્રમે વિદેશી જાતિઓના ભારત ઉપરના આક્રમણોના પરિણામે ધીમે-ધીમે ભારતની ભવ્યતા સામાજિક તેમજ ધાર્મિક ક્ષેત્રે નષ્ટ થવા લાગી હતી. વિદેશી આક્રમણખોરો એ તેમજ વિદેશી શાસકોએ ભારતદેશમાં ધર્માંતર પ્રવૃતિઓ કરીને તેમજ રાજકીય ગેરવ્યવસ્થાનો લાભ ઉઠાવીને ભારતીય પ્રજાનું શોષણ કર્યું હતું તેમજ ભારતીય લોકોને “જંગલી પ્રજા” ગણાવીને ભારતીય પરંપરા તેમજ વારસાનું ગૌરવ હણી લીધું હતું.

બ્રિટીશરો એ ભારતમાં પોતાની રાજ્ય વ્યવસ્થા સ્થાપીને લાંબા સમય સુધી શાસન કરીને ભારતીય પ્રજાને ગુલામીની બેડીઓમાં ઝકડી લીધી હતી. ભારતીય શિક્ષણ વ્યવસ્થા અને સમાજ જીવન ઉપર પણ બ્રિટીશરોએ પોતાનો પ્રભાવ પાડ્યો હતો. કોલેજની શિક્ષણ વ્યવસ્થાએ ભારતીય શિક્ષણ ઉપર હાવી થઈને પ્રાચીન ભારતીય શિક્ષા મુલ્યોને નષ્ટ કરી દીધા હતા. આમ છતાં ૧૯મી સદી માં ભારતના નવયુવાનોને અંગ્રેજી કેળવણીના કારણે યુરોપના લોકશાહી વિચારોની જાણકારી પ્રાપ્ત થઈ હતી. સાથે સાથે ભારતીય યુવકોને ભારતીય ધર્મો, વેદો, ઉપનિષદોની મહતા સમજાઈ હતી.

૧૯મી સદીમાં રાજા રામ મોહનરાય, સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, ઈશ્વરચંદ વિદ્યાસાગર વગેરે એ સામાજિક, ધાર્મિક સુધારણા ચળવળો ચલાવી સામાજિક કુરિવાજોથી દેશની પ્રજાને મુક્ત કરાવવાના પ્રયાસો કર્યા

હતા.

## "સ્વામી દયાનંદ સરસ્વતી અને આર્ય સમાજ"

સ્વામી દયાનંદ સરસ્વતીનું પૂર્વ જીવનનું નામ મૂળશંકર હતું. સૌરાષ્ટ્રના મોરબી તાલુકાના ટંકારા ગામમાં કરશનદાસ ત્રવાડીને ત્યાં ૧૨ ફેબ્રુઆરી ૧૮૨૫ (વિ.સ. ૧૮૮૧) ના રોજ થયો હતો. તેમના પિતા મોરબી રાજ્યના વહીવટી અમલદાર હતા.

કરશનદાસ ત્રવાડી સામવેદી હોવા ઉપરાંત પરંપરાગત શૈવ સંપ્રદાયના કટ્ટર અનુયાયી હોવાથી બાળ મૂળશંકરને યાજુર્વેદ્સંહિતાના પઠનનો પ્રારંભ કરાવ્યો હતો. આ ઉપરાંત શિવ પુરાણની કથા સંભળાવતા હતા.

સંવત ૧૮૯૪ માં શિવરાત્રીના દિને મૂળશંકરે વ્રત રાખ્યું હતું. મધ્યરાત્રીએ શિવલિંગ ઉપર દોડતા ઉંદરને જોઇને બાળ મૂળશંકરના મનમાં અનેક પ્રશ્નો ઉત્પનન થયા અને તેના જ પરિણામ સ્વરૂપ તેમણે ગૃહત્યાગ કર્યો હતો .(૨)

ગૃહ ત્યાગ બાદ મૂળશંકરે પરિભ્રમણ કરી સમગ્ર દેશની મુલાકાત લીધી હતી. ત્યાર બાદ મથુરામાં સ્વામી વિરજાનંદને ત્યાં વેદોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. ત્યારબાદ ત્યાંથી જ સ્વામીદયાનંદ સરસ્વતી નામ ધારણ કરી ગુરૂજીના આશિર્વાદ સાથે સમાજ સુધારણાના ઉમદા હેતુ સાથે પરિભ્રમણ શરૂ કર્યું હતું.

## "સ્વામી દયાનંદ સરસ્વતી દ્વારા આર્ય સમાજની સ્થાપના અને સમાજ સુધારણા પ્રવૃતિઓ "

સ્વામી દયાનંદ સરસ્વતી એ સમગ્ર દેશમાં પરિભ્રમણ કરી વૈદિક ધર્મના પ્રચારનું કાર્ય આરંભ્યુ હતું. સાથે સાથે દેશ બંધાવો માં આઝાદી ના વિચારો રેડવાનું કાર્ય કર્યુ હતું તેમજ વિદેશીઓની ધર્માંતર પ્રવૃતિઓમાંથી દેશવાસીઓને મુકત કરાવવાના પ્રયાસો શરૂ કરાવ્યા હતા . તેમજ ''વેદ તરફ પાછા વળો" સૂત્ર આપીને વેદોની મહત્તા સમજાવવાના પ્રયાસો કર્યા હતા. દરેક સામાન્ય વ્યકિત પણ વેદોનો અભ્યાસ કરી શકે તે માટે હિંદીમાં વેદભાષ્યો લખ્યા હતા.(૩ )

## આર્ય સમાજની સ્થાપના:-

સ્વામી દયાનંદ સસ્વતીએ ૧૯ મી સદીમાં ભારતીય સમાજમાં પ્રવતમાન કુરિવાજોને દુર કરવા તેમજ સમગ્ર દેશમાં સમાજ સુધારણાની પ્રવૃતિઓ માટે ઈ.સ.૧૮૭૫માં ૧૦ એપ્રિલના રોજ મુંબઈમાં આર્યસમાજની સ્થાપના કરી હતી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

આર્ય સમાજ દ્વારા સ્વામી દયાનંદ સરસ્વતીએ તત્કાલીન ભારતીય સમાજમાં વર્ણ ભેદ, બાલ વિવાહ પ્રથા, બલીપ્રથા, વટાળ પ્રવૃત્તિ, બાળકી દૂધપીતી કરવાનો રીવાજ તેમજ સ્ત્રીઓની સ્થિતિ સુધારવાના પ્રયાસો શરૂ કર્યા હતા. તેમજ તેમણે **"સત્યાર્થ પ્રકાશ"** પુસ્તક લખીને સામાન્ય જનસમુદાય સુધી વેદોને પહોચાડવાનું કાર્ય કર્યું હતું.

ઈ.સ. ૧૮૭૫ માં સ્વામીજીએ આર્ય સમાજનું બંધારણ તેયાર કર્યું હતું જેના મુખ્ય સિધ્ધાંતો નીચે પ્રમાણે હતા.

(૧) વેદો જ સંપૂર્ણ છે અને તે સત્યજ્ઞાનનું સ્ત્રોત છે.

(૨) આર્ય સમાજના પ્રત્યેક સભ્યે પોતાની આવકનો સોમો ભાગ આર્ય સમાજના ફંડમાં દેવો જોઈએ.

(૩) વેદો અને પ્રાચીન આર્યગ્રંથોનો અભ્યાસ કરવો તથા આર્ય વિધાલયોમાં તેની શિક્ષા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો.

આ રીતે સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની સ્થાપના કરીને સમગ્ર દેશમાં ચેતના ફેલાવવાનું કાર્ય કર્યું હતું.

**સૌરાષ્ટ્રમાં આર્ય સમાજની સમાજ સુધારક પ્રવૃત્તિ**

ઓગણીસમી સદીએ ભારતમાં સામાજિક સુધારાની સદી ગણાય છે. સૌરાષ્ટ્રમાં પણ બ્રિટીશ શાસનની સ્થાપના, નવી શિક્ષણ પદ્ધતિની શરુઆતને કારણે સામાજિક સુધારાનું વાતાવરણ સર્જાયું હતું. સૌરાષ્ટ્રની સામાજિક સુધારાની ચળવળ ધીમી હતી અને મોડી શરૂ થઈ હતી પણ તે ખુબ જ મહત્વની હતી.

તે સમયે સૌરાષ્ટ્રમાં સામાજિક સુધારણા કેન્દ્ર હતા. – રાજકોટ અને જૂનાગઢ.

ઇ.સ. ૧૮૭૪માં સ્વામી દયાનંદ સરસ્વતી રાજકોટ આવ્યા હતા. રાજકોટમાં તેમણે ઈશ્વર ધર્મ, વેદોનું સાહિત્ય તથા પુનઃજન્મ નો સિધ્ધાંત, મુક્તિ અને બંધન, આર્યોનો પુરાતન ઈતિહાસ, માનવી કર્તવ્ય વગેરે વિષયો પર વ્યાખ્યાનો આપ્યા હતા. તેઓ એક દિવસ વ્યાખ્યાન અને બીજે દિવસે શંકાઓનું સમાધાન કરતા હતા.

વ્યાખ્યાનોના વિષયો જોતા જ જણાય છે કે સ્વામીજીએ આધ્યાત્મિક વિષયોને પોતાની ચર્ચાના વિષયો બનાવીને દેશવાસીઓને ભારતવર્ષીય આર્ય જ્ઞાતિના ગૌરવપૂર્ણ ઈતિહાસનું ભાષણ કરીને દેશના ભવ્ય વારસાનું જ્ઞાન આપ્યું હતું. તેમજ રાજકોટની અંત્યત પ્રખ્યાત રાજકુમાર કોલેજ પ્રિન્સીપાલ મેકનારના આગ્રહ થી સ્વામીજીએ અહિંસાધર્મ ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

રાજકોટમાં આર્ય સમાજના પ્રારંભિક સભ્યોની સંખ્યા ૩૦ હતી. બાદમાં રાજકીય હસ્તક્ષેપના કારણે રાજકોટ

આર્યસમાજ થોડા સમય પછી બંધ થઇ ગયો હતો. સ્વામી દયાનંદ સરસ્વતીએ રાજકોટમાં આર્ય સમાજની સ્થાપના કર્યા બાદ પ્રચારાર્થે પુનઃદેશમાં પરિભ્રમણ માટે નીકળી ગયા હતા. ત્યાર બાદ તેઓ સૌરાષ્ટ્રમાં આવ્યા ન હતા.

૩૦ ઓકટોબર ૧૮૮૩ માં સ્વામી દયાનંદ સરસ્વતીના અવસાન બાદ ઓગણીસમી સદીના અંતીમ દશકથી સૌરાષ્ટ્રના રાજ્યોમાં પુનઃ આર્ય સમાજનો પ્રવૃત્તિઓનો આરંભ થયો હતો. વીરપુર રાજ્યના ઠાકુર સુરસિંહજીએ વેદિક ધર્મને રાજ્ય ધર્મ બનાવી આર્ય સમાજનું કાર્ય શરૂ કાર્ય હતું. તેમના પ્રયાસથી સ્વામી શંકરાનંદે વીરપુર, ભાવનગર, લીંબડી, રાજકોટ, પોરબંદર વિસ્તારમાં વેદિક ધર્મનો પ્રચાર શરૂ કર્યો હતો. તત્કાલીન સમયે સમાજના સભ્યોમાં જીવણલાલવ્યાસ, હરીશચંદ્રસિંહ, હરદેવસિંહ, પ્રતાપસિંહ, મૂળશંકરભાઈ, ભીખુભાઈ, મુલ્કરાજજી, ભગવાનજી વગેરે હતા.

ઈ.સ. ૧૯૧૮માં શંકરાનંદજીના પ્રયાસથી વીરપુરમાં રાજકુમારોને શિક્ષણ આપવા માટે "**સુરાજી હોસ્ટેલ**" વીરપુર નરેશ દ્વારા શરૂ કરી હતી.

ઈ.સ. ૧૮૯૧માં ભાવનગરમાં આર્ય સમાજની સ્થાપના થઈ હતી, પરંતુ તેની કામગીરી હોમ હવન અને સત્સંગ પુરતી હતી.

જામનગરમાં પ્રથમ આર્ય સમાજની માહિતી મળતી નથી પરંતુ ઈ.સ. ૧૮૯૯માં "**આર્ય મિત્ર મંડળ**"ના નામે પ્રાણજીવનદાસ ડોકટરે કરી હતી. તે બંધ થતા ઈ.સ. ૧૯૦૭માં ત્રીજીવાર આશર ભાટીયાએ "આર્ય મિત્ર મંડળ" નામે પ્રવૃત્તિ ચલાવી હતી. બાદમાં ઈ.સ. ૧૯૦૮માં સ્વામી પ્રજ્ઞાચક્ષુએ વેદિક ધર્મ અને આર્ય સમાજના સિધ્ધાંત વિષય પર વ્યાખ્યાનો કર્યા હતા. તે સમયે પૌરાણીક માન્યતા લોકોએ વિરોધ કર્યો હતો. તેથી સમાજની પ્રવૃત્તિ હોમ હવન પુરતી મર્યાદિત બની હતી.

આમ એકંદરે જોતા ઈ.સ. ૧૯૩૦ સુધી સૌરાષ્ટ્રમાં આર્ય સમાજની પ્રવૃત્તિ અંશતા રહી હતી. જયારે તે પછી આર્ય સમાજની પ્રવૃતિઓનો વિસ્તાર થયો હતો. તેમજ બીજા નાના મોટા ઘણા આર્ય સમાજો સ્થાપવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૯૨૦ પછી રાષ્ટ્રીય સ્તરે આવેલી રાજકીય જાગૃતિએ પણ આર્ય સમાજનું સ્થાન મજબુત કર્યું હતું. ઈ.સ. ૧૯૨૬માં ટંકારામાં યોજાયેલ દયાનંદ જન્મ શતાબ્દી સમારોહ અને ઇ.સ. ૧૯૩૭માં રાજકોટમાં "શ્રી કચ્છ કાઠિયાવાડ પ્રાંતીય વેદધર્મ પ્રચારક મંડળી" મુંબઈ પ્રદેશ આર્ય પ્રતિનિધિ સભાની ઉપસભા તરીકે સ્થપાતા સૌરાષ્ટ્રમાં આર્ય સમાજના કાર્યને વેગ મળ્યો હતો.

જામનગરમાં ગોકલદાસ હીરજી ઠકક અને ભાણજી દેવજી આર્યએ રાજકીય શિક્ષા સહન કરીને પણ આર્ત સમાજની પ્રવૃતિઓ ચાલુ રાખી હતી. તેઓ "**શ્રી કચ્છ કાઠિયાવાડ પ્રાંતીય વેદધર્મ પ્રચારક મંડળી**" ના સ્થાપક સભ્ય

હતા. ઈ.સ. ૧૯૪૦માં નવાનગર (જામનગર) રાજ્યના દુષ્કાળ સમયે સમજે ત્યાની પ્રજાને કપડા, અનાજ, રહેઠાણ તથા સ્વાસ્થ્ય સંબંધી સેવા આપી સારી લોકચાહના મેળવી હતી.

ઈ.સ. ૧૯૪૭માં રાષ્ટ્ર ભાષાના પ્રચાર માટે "**રાષ્ટ્ર ભાષા પ્રચાર સમિતિ વર્ધા**"નું પરિક્ષા કેન્દ્ર જામનગર રાખ્યું હતું. ત્યારે સમાજના કાર્યકરો ભાણજી દેવજી, આર્ય ગોવિંદલાલ દામોદર આશાવર, તથા જયંતિલાલ ઠક્કરે લોકોને હિંદી ભાષા તરફ વાળવા માટે પ્રયાસો કર્યા હતા. આ ઉપરાંત ઈ.સ.૧૯૪૭માં આર્ય સમાજે મહર્ષિ દયાનંદ કન્યા વિધાલયની સ્થાપના કરીને કન્યા કેળવણીનું ભગીરથ કાર્ય શરૂ કર્યું કે જે આજપર્યંત ચાલુ જ છે.

ઈ.સ. ૧૯૩૦માં નવાબી રાજ્ય જુનાગઢમાં પણ આર્ય સમાજ મહીદાસભાઈ પટેલના પ્રયાસથી સ્થપાયો હતો. તેના કાર્યકરોમાં સુંદરજી સામાજી વકીલ, રણછોડભાઈ કિકાણી, મોહનભાઈ અભાણી વગેરે હતા. પારિવારિક સતસંગ તથા સેવાના કાર્યો પુરતી  સમાજની કામગીરી રહી હતી.

ઈ.સ. ૧૯૩૫ માં પોરબંદરમાં આર્ય સમાજની સ્થાપના અગાઉ તારીખ ૩ થી ૫ જાન્યુઆરી ૧૯૩૨ માં "**આર્ય મહોત્સ**" શેઠ નાનજી કાલીદાસ મહેતા અને શેઠ પોપટલલના સહકાર અને સહાયથી યોજાયો હતો. સર્વદાનંદજી, શંકરાનંદજી, વિશ્વબંધુજી, પંડિત આનંદપ્રીયજી વિગેરે આર્ય વિદ્વાનોના વ્યાખ્યાનો તેમજ વડોદરા આર્ય કન્યા વિધાલય તથા સોનગઢ ગુરૂકુળના ભાઈ-બહેનોએ વ્યાયામના પ્રયોગો રજૂ  કર્યા હતા. છેલ્લા દિવસે ૬૦ સભ્યોને યજ્ઞોપવીત સંસ્કાર અને એક પુનઃલગ્ન કરવામાં આવ્યું હતું, તેથી હાજર રહેલા લોકો પર તેની સારી અસર પડી હતી. આર્ય સમાજ સ્થાપવા માટે ચર્ચાઓ શરૂ થઈ અને સ્વામી શંકરાનંદના પ્રયાસથી પોરબંદર નરેશ નટવરસિંહે તે માટે સંકટ નિવારણની જગ્યા આપી અને તેમના હસ્તે ઈ.સ. ૧૯૩૮માં સમાજ મંદિર ખુલ્લું મુકાયું હતું.

ઈ.સ. ૧૯૩૮ના દરમ્યાન સમાજ દ્વારા નેત્રયજ્ઞ કરી જ્ઞાતિભેદ વગર સર્વેને લાભ આપવામાં આવ્યો હતો. આ જ સમય દરમ્યાન પોરબંદર પંથકમાં દુષ્કાળ પડ્યો હતો, ત્યારે સમજે સમિતિ રચીને ગામે ગામ અનાજ પહોચાડવાનું કાર્ય કર્યું હતું.

આ ઉપરાંત ઈ.સ. ૧૯૩૬મા શેઠ નાનજી કાલિદાસ મહેતાએ કન્યા કેળવણી માટે રૂપિયા બે લાખનું દાન જાહેર કરી મહારાણા નટવરસિંહને મળી પોરબંદરથી એક માઈલ દુર રાજવાડી પાસે ૯૦ એક જમીન આર્ય કન્યા ગુરૂકુળ માટે મેળવી. ૫ ડીસેમ્બર ૧૯૩૭ ના રોજ મહારાણા નટવરસિંહને હસ્તે ખુલ્લું મુકાયું હતું. સવિતાબેન, સુશીલાબહેન તથા અન્ય મહિલાઓએ કન્યા કેળવણી માટે સતત ધગશ અને પરિશ્રમ લઈને એક અનન્ય સંસ્થા બનાવી છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સારાંશ :-**

૧૮મી સદીના  અંત સાથે ભારતમાં રાજકીય ક્ષેત્રે જે અંધાધૂધી ફેલાયેલી હતી તેમજ પાશ્ચાત્ય લોકો એ ભારતીય પ્રજાને ગુલામીની ઝંઝીરમાં ઝકડી લીધી હતી તેના જ પરિણામે ભારતીય સમાજ વ્યવસ્થાને પણ બહુ મોટા પ્રમાણમાં હાની પહોંચી હતી. ૧૯મી સદીમાં ભારતીય રાજકીય તેમજ સામાજિક વ્યવસ્થામાં ફેલાયેલી અંધાધુંધીને દૂર કરવા માટે સામાજિક ધાર્મિક સુધારણા ચળવળો શ્રીગણેશ  થયા  હતા. જેમાં અનેક સંસ્થાઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી અને તેમાંની એક સંસ્થા સ્વામી દયાનંદ સરસ્વતી સ્થાપિત આર્ય સમાજ હતી.

અંગ્રેજો અને અન્ય યુરોપિયન જાતિઓએ ભારતીય પ્રજાને વિશ્વ સમક્ષ જંગલી અને અજ્ઞાની સાબિત કરવાના પ્રયાસો કર્યા હતા. આ પ્રયાસોને સ્વામી દયાનંદ સરસ્વતી તથા તેમના અનુયાયીએ નિષ્ફળ બનાવવા માટે તત્કાલીન ભારતીય સમાજને વેદોથી પરિચિત કરવાના પ્રયાસો શરૂ કર્યા હતા. સામાન્ય માણસો સુધી વેદોને પહોંચાડવા માટે વેદોનો હિન્દીમાં અનુવાદ કરવામાં આવ્યો હતો.

પાશ્ચાત્ય વિચારસરણીની વૈદિક વિચાર ધારાનો પ્રચાર કરીને આર્ય સમાજે ભારત દેશમાં ઈસાઈ મિશનરીઓની વટોળ પ્રવૃતિઓને અટકાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. આ ઉપરાંત ધર્માંતર કરેલ લોકોને આર્ય સમાજે પુનઃ હિન્દુ ધર્મમાં પ્રવેશ આપીને સમાજના લોકોની અનન્ય સેવા કરી હતી.

આ ઉપરાંત આર્ય સમાજે દેશભરમાં અનેક રાજ્યો અને શહેરોના સમાજ સુધારણાની પ્રવૃતિઓ કરી હતી.

સૌરાષ્ટ્રમાં ઈ.સ. ૧૮૭૪માં રાજકોટ મુકામે સ્વામી દયાનંદ સરસ્વતી આર્ય સમાજની વિચારધારા લોકો સમક્ષ રજુ કરી હતી બાદમાં રાજકોટ, જુનાગઢ, ભાવનગર, જામનગર, વીરપુર, પોરબંદર વગેરે સ્થળોએ સ્વામીજીના અનુયાયી શંકરાનંદજીએ આર્ય સમાજની સ્થાપનામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સમાજ સુધારણાના કાર્યો સાથે કન્યા કેળવણીને મહત્વ , આર્ય સમાજે સ્ત્રીઓની સ્થિતિ સુધારવામાં મહત્વની ભૂમીકા ભજવી હતી. જામનગરની સ્વામી દયાનંદ સરસ્વતી કન્યા વિધાલય, ભાવનગરની ડી.એ.વી. (દયાનંદ એંગલો વર્નાકયુંલર) તથા પોરબંદરનું આર્ય કન્યા ગુરુકુળ આના જીવંત ઉદાહરણો છે.

આ ઉપરાંત કુદરતી આફતો વખતે પણ સૌરાષ્ટ્રના જુદા-જુદા વિસ્તારની આર્યસમાજ સંસ્થાએ સક્રિય ભૂમિકા ભજવીને લોકો સુધી રાહત પહોંચાડવાનું કાર્ય કરેલ છે.

સૌરાષ્ટ્રમાં ૧૯૩૦ પહેલા આર્યસમાજોને ઓછી સફળતા મળી હતી. જે ૧૯૩૦ પછી વધુ વિકસિત બન્યા હતા.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

સામાજિક રૂઢીચુસ્તતાના વિરોધરૂપે પણ સ્થાનિક નિમ્ન વર્ગના લોકો પણ આર્ય સમાજ સાથે જોડાયા હતા.

આમ સૌરાષ્ટ્રમાં આઝાદી પહેલા સમાજ સુધારણાની ચળવળમાં તેમજ સ્ત્રીઓની સ્થિતિ સુધારવા માટે, તથા શિક્ષણ ક્ષેત્રે સક્રિય પણે આર્ય સમાજે ભૂમિકા ભજવી હતી અને આજે પણ આર્ય સમાજ તેમની પ્રવૃતિઓને આગળ ધપાવી રહ્યું છે.

## -: સંદર્ભ સૂચી :-

૧) દયાલ મૂર્તિ – સ્વામી દયાનંદ જીવન ચરિત્ર, પૃષ્ઠ નં. ૧૨

૨) ચુડાસમા રમણીક, શાહ અરવિંદ – વિચાર સરણી અને પરિવર્તન, પૃષ્ઠ નં. ૬૩-૬૪

૩) વર્મા વી.પી. – આધુનિક ભારતીય રાજકીય ચિંતન પૃષ્ઠ નં. ૩૬

૪) સક્સેના ચંદ્રકુમાર – આધુનિક ભારત, પૃષ્ઠ નં. ૧૮૮-૧૮૯

૫) એજન - પૃષ્ઠ નં. ૧૮૮-૧૮૯

૬) જાની એસ.વી. – સૌરાષ્ટ્રનો ઈતિહાસ, પૃષ્ઠ નં. ૩૪૦

૭) એજન - પૃષ્ઠ નં. ૩૪૦

૮) એજન - પૃષ્ઠ નં. ૩૪૨

૯) ભારતીય ભવાનીલાલ – નવજાગરણના પુરોધા સ્વામી દયાનંદ સરસ્વતી, પૃષ્ઠ નં. ૨૩૩

૧૦) સંપા. ભગતશ્રી કાંત – બૃહદ ગુજરાતમાં આર્ય સમાજ, પૃષ્ઠ નં. ૨૧

૧૧) શર્મા શ્રી કૃષ્ણ – શંકરાનંદ સન્યાસી, પૃષ્ઠ નં. ૨૪૭

૧૨) મહર્ષિ દયાનંદ શતાબ્દી સમારોહ ગ્રંથ, પૃષ્ઠ નં. ૨૫
તા.૨૩,૨૪,૨૫ ડીસેમ્બર

૧૩) એજન - પૃષ્ઠ નં. ૨૬-૨૭

૧૪) સંપા. ભગતજી શ્રી કાંત – બૃહદ ગુજરાતમાં આર્ય સમાજ, પૃષ્ઠ નં. ૨૬

૧૫) આર્ય સમાજ પોરબંદર પત્ર ફાઈલ તા. ૨૨-૧૨-૩૯ નો પત્ર
"આર્ય સમાજ પોરબંદર સવંત ૧૯૮૮ થી ૧૯૮૩ના અપવ્યયનો હિસાબ રીપોર્ટ"

૧૬) એક આછી ઝલક પત્રિકા – આર્ય કન્યા ગુરૂકુળ – પોરબંદર, પૃષ્ઠ નં. ૫